ક્ર: બજટ/૧૦૨૦૨૦/૩/બ

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
૧૪/૨ , સરદારભવન
સચિવાલય,ગાંધીનગર.
તા: ૨૨/૦૬/૨૦૨૦

પ્રતિ
સર્વે મુખ્ય ઈજનેર & અ.સ.શ્રી,
સર્વે અ.ઇ.શ્રી/ખાતાના વડાઓ,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

**વિષય:** સને ૨૦૨૦-૨૧ના એપ્રિલ-મે માસની ગ્રાંટ ફાળવવા બાબત.
**સંદર્ભ:** નાણાં વિભાગનો પત્ર ક્રમાંક: અપબ-૧૦૨૦૨૦-૧૦૪-ક તા. ૨૧/૦૪/૨૦૨૦

શ્રીમાન

ઉપરોક્ત વિષયે સને ૨૦૨૦-૨૧ના એપ્રિલ-મે માસની ગ્રાંટ ફાળવણી અન્વયે સંદર્ભમાં દર્શાવેલ નાણાં વિભાગનો પત્ર જરુરી કાર્યવાહી સારૂ આ સાથે મોકલી આપવામાં આવે છે. પ્રસ્તુત પત્રના પેરા: ૧-૫ થી આપવામાં આવેલ સૂચનાઓ આપના હસ્તકની કચેરીઓના ધ્યાને લાવવા તેમજ તેનો ચુસ્તપણે અમલ થાય તે અંગેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(કોમલ પી. ભટ્ટ)
નાયબસચિવ (બજેટ)
માર્ગ અને મકાન વિભાગ

બિડાણ: ઉપર મુજબ
**નકલ રવાના:-**

૧. સર્વે નાયબ સચિવ, માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૨. ખાસ ફરજ પરના અધિકારી-(૧) વિ.યો. &(૨) યં. &ઓ.
૩. સર્વે ઉપસચિવ,(તાંત્રીક), માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય,ગાંધીનગર

૧૫.૫િ.

તાત્કાલિક/અગત્યનુ

અંદાજપત્ર ૨૦૨૦-૨૧: એપ્રિલ-મે માસની ગ્રાંટ ફાળવણી

પત્ર ક્રમાંક:અપબ/૧૦૨૦૨૦/૧૦૪/ક


**પંકજ જોષી** આઇ.એ.એસ.
અધિક મુખ્ય સચિવ


सत्यमेव जयते

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ**

તા.૨૧-૦૪-૨૦૨૦

પ્રતિ,
સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

**વિષય:- વર્ષ ૨૦૨૦-૨૧ના એપ્રિલ-મે માસની ગ્રાંટ ફાળવવા બાબત**

શ્રીમાન,

વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્ર પ્રકાશન મુજબ આપના વિભાગની કુલ રૂ. ૯૨૬૪.૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી એપ્રિલ અને મે માસની કુલ રૂ. ૧૮૫૦.૨૪ કરોડની ગ્રાંટ ફાળવી આપવામાં આવેલ છે. સમગ્ર દેશ હાલ નોવેલ કોરોના વાઇરસ (COVID-19) ના સંક્રમણનો સામનો કરી રહેલ છે. જેના ભાગરૂપે હાલ સમગ્ર રાજયમાં લોકડાઉનનો અમલ ચાલુ છે. કોરોના વાઇરસના સંક્રમણને રોકવા માટેના આરોગ્યલક્ષી પગલાઓ તેમજ રાજયની આવક ઉપર થયેલ ગંભીર અસરને ઘ્યાને લેતા ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો વિવેકપૂર્વક અને કરકસરયુકત વપરાશ કરવામાં આવે તે ખાસ ઘ્યાન દોરવામાં આવે છે.

નાણા વિભાગ દ્વારા તા. ૧૬-૦૪-૨૦૨૦ના ગ્રાન્ટ ફાળવવાના પરિપત્રથી ગ્રાન્ટના ઉપયોગ અંગેની સામાન્ય સૂચનાઓ પરિપત્રિત કરેલ છે. આ ઉપરાંતની નીચે મુજબની સૂચનાઓ તરફ આપનુ ઘ્યાન દોરવામાં આવે છે.

(૧) હાલની કોરોના વાઇરસ પરિસ્થિતિમાં કેન્દ્ર અને રાજય સરકારે જાહેર કરેલ સૂચનાઓ અનુસાર પ્રાથમિકતા નક્કી કરી ગ્રાન્ટનો વપરાશ કરવાનો રહેશે. બિનજરૂરી ગ્રાન્ટ ફાળવણી તેમજ ગ્રાન્ટ પાર્કિંગના કિસ્સાઓ ન બને તે માટે ખાસ કાળજી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષના ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રની મંજુર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે અને આ સાથે રીલીઝ કરવામાં આવેલ ગ્રાન્ટમાંથી પગારભથ્થાની તેમજ નિવૃત્તિના લાભોની ચૂકવણીને અગ્રતા આપવાની રહેશે.

(૩) ગુજરાત સરકારના GFR ના નિયમ ૧૫૫ પ્રમાણે વર્ષ ૨૦૧૮-૧૯ એટલે કે ૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં ફાળવેલ ગ્રાન્ટ અંગેના તમામ નાણાકીય વર્ષોના ગ્રાન્ટ ઉપયોગિતા પ્રમાણપત્ર ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ પાસેથી મેળવી લેવાના રહેશે અને જો તેઓ પાસે કોઇ બચત રકમ હશે તો તે આ વર્ષે ફાળવવાની થતી રકમમાંથી સરભર કરી ગ્રાન્ટ ફાળવવાની રહેશે.
જે સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ સુધીના ઉપયોગિતા પ્રમાણપત્રો આપેલ નથી તેઓને કોઇ ગ્રાંટ ફાળવવાની રહેશે નહી.

(૪) વિભાગોને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી કોઇપણ રકમ પાર્ક કરી શકાશે નહિ. અનિવાર્ય સંજોગોમાં પાર્ક કરવાની જરૂરીયાત હોય તો પાર્ક કરતાં પહેલાં કેસ ટુ કેસ બેસીસ પર વ્યાજબી કારણો રજુ કરી નાણા વિભાગની અવશ્ય મંજુરી મેળવી લેવાની રહેશે.

(૫) નાણા વિભાગ દ્વારા, કેટલાક પેટા સદર સામે કેન્દ્ર હિસ્સા અને તેની સામે રાજ્ય હિસ્સાની રકમ ભારત સરકાર તરફથી ગ્રાન્ટ રીલીઝ થવાની અપેક્ષાએ એડવાન્સ ગ્રાન્ટ તરીકે અગાઉ ફાળવવામાં આવેલ છે તેવા વિભાગે / નિયંત્રણ અધિકારીએ ભારત સરકાર તરફથી ગ્રાન્ટની પ્રાપ્તિ સત્વરે સુનિશ્ચિત કરી લેવાની રહેશે.

ઉપરોક્ત સુચનાઓનુ ચુસ્તતાથી પાલન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

CE(R&B)/LAS/DS(B)

DS(B)
4637

(પંકજ જોષી)


બ્લોક-૪, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ગુજરાત)
Ph.: (O) 079-23250611/13 • Fax : 079-23250605 • Email : secfd@gujarat.gov.in
https://financedepartment.gujarat.gov.in